મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ગેસ ટેન્કર પલટ્યું: 30 કલાકથી ટ્રાફિક જામ

હજારો મુસાફરો ભોજન, પાણી અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓ વગર કલાકો સુધી રસ્તા પર ફસાયેલા રહ્યા, વાહનોની 20 કિ.મી. લાંબી લાઈન લાગી

139 બસો રદ કરવી પડી હતી અને 160થી વધુ બસો વિવિધ સ્થળોએ અટવાઈ હતી

મંગળવારની સાંજે બનાવ બન્યો હતો અને બુધવારની રાત સુધી રસ્તો સાફ થયો ન હતો

મુંબઈ, તા. ૪ (પીટીઆઈ): ખંડાલા ઘાટ વિભાગમાં અડોશી ટનલ પાસે પ્રોપીલીન ગેસ ભરેલું ટેન્કર પલટી જતાં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર બુધવારની રાત્રે 30 કલાક વીતી ગયા છતાં ટ્રાફીક સમસ્યા યથવાત છે જેમાં સેંકડો વાહનો ફસાયેલા છે અને મુસાફરોની હાલત કફોડી થઈ છે. મંગળવારે સાંજે 5 વાગ્યે સર્જાયેલા આ અકસ્માત બાદ અત્યંત જ્વલનશીલ ગેસનું લીકેજ ચાલુ રહેતા સુરક્ષાના કારણોસર હાઈવેને સંપૂર્ણ બંધ કરવો પડ્યો હતો.

એક તબક્કે હાઈવે પર વાહનોની 20 કિમી લાંબી લાઈનો લાગી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારની મધ્યરાત્રિ સુધીમાં વાહનવ્યવહાર પૂર્વવત થવાની શક્યતા છે.

એનડીઆરએફ, એસડીઆરએફ અને ભારત પેટ્રોલિયમની ટીમો ગેસ ટ્રાન્સફર કરવાની જટિલ પ્રક્રિયામાં લાગેલી છે. આ દરમિયાન હજારો મુસાફરો, જેમાં મહિલાઓ અને બાળકો સામેલ છે, તેઓ ભોજન, પાણી અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓ વગર કલાકો સુધી રસ્તા પર ફસાયેલા રહ્યા હતા.

આ અરાજકતાને કારણે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ની શિવનેરી સહિતની 139 બસો રદ કરવી પડી હતી અને 160થી વધુ બસો વિવિધ સ્થળોએ અટવાઈ ગઈ હતી. એક્સપ્રેસવે પર ટ્રાફિક જામ એટલો ગંભીર હતો કે લોકોએ સોશિયલ મીડિયા પર તેને 'પાર્કિંગ લોટ' ગણાવ્યો હતો. ટ્રાફિક હળવો કરવા માટે પુણે તરફની લેનમાંથી મુંબઈ જતો ટ્રાફિક 15-20 મિનિટના બ્લોક સાથે ડાયવર્ટ કરવામાં આવ્યો હતો, જ્યારે જૂના હાઈવે પર પણ ભારે જામ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે બુધવાર સવારથી એક્સપ્રેસવે પર ટોલ ટેક્સ ઉઘરાવવાનું પણ સ્થગિત કરી દેવામાં આવ્યું છે.



» પ્રસ્તુ તસવીર ચીનના બીજિંગમાં વસંત સાંસ્કૃતિક મહોત્સવ (સ્પ્રિંગ કલ્ચર ફેસ્ટિવલ)ના ઉદ્ઘાટન પ્રસંગની છે જેમાં નૃત્ય પ્રસ્તુત કરી રહેલા રોબોટ્સ નજરે પડે છે.

રાહુલએ સંસદ પરિસરમાં નરવણેનું અપ્રકાશિત સંસ્મરણ પ્રદર્શિત કર્યું

વિરોધ પક્ષના નેતાએ વડા પ્રધાન જવાબદારીમાંથી છટકી રહ્યા હોવાનો દાવો કર્યો

નવી દિલ્હી, તા. 4 (PTI) વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે પૂર્વ આર્મી ચીફ એમ.એમ. નરવણેના 'અપ્રકાશિત' સંસ્મરણોનો ઉલ્લેખ કરતાં દાવો કર્યો હતો કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 2020માં ભારત-ચીન સંઘર્ષ દરમિયાન જવાબદારીમાંથી છટકી ગયા હતા અને દોષનો ટોપલો જનરલ પર ઢોળી દીધો હતો.

પાર્લામેન્ટ હાઉસ સંકુલના પરિસરમાં પત્રકારોને સંબોધતાં ગાંધીએ 'અપ્રકાશિત' સંસ્મરણોની નકલ બતાવતાં કહ્યું હતું કે, તેઓ ઈચ્છે છે કે, ભારતના યુવાનો જાણે કે સરકારના અન્ય દાવાઓ છતાં આ 'પુસ્તક' અસ્તિત્વમાં છે.

ગાંધીએ કહ્યું, ''સ્પીકરે કહ્યું છે કે આ પુસ્તક અસ્તિત્વમાં નથી, સરકારે કહ્યું છે કે તે અસ્તિત્વમાં નથી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ જીએ કહ્યું છે કે આ પુસ્તક અસ્તિત્વમાં નથી. ભારતના દરેક યુવાને જોવું જોઈએ કે આ પુસ્તક અસ્તિત્વ ધરાવે છે.''

રાહુલ ગાંધીએ કહ્યું કે, નરવણેએ લદ્દાખમાં જે કંઈ બન્યું તેનો સંપૂર્ણ અહેવાલ લખ્યો છે. ગાંધીએ કહ્યું કે, તેમને કહેવામાં આવ્યું છે કે તેઓ લોકસભામાં આ 'સંસ્મરણ' માંથી અવતરણ આપી શકતા નથી.

ભારત કોઈપણ સપ્લાયર પાસેથી તેલ ખરીદવા માટે સ્વતંત્ર છે : ક્રેમલિન

ભારતને યુએસ ક્રૂડને અન્ય ગ્રેડ સાથે ભેળવવાની જરૂર પડશે, જેનાથી વધારાનો ખર્ચ થશે, એટલે કે સરળ ફેરબદલ શક્ય નહીં બને: નિષ્ણાત

મોસ્કો, તા. 4 (PTI) : ક્રેમલિને બુધવારે જણાવ્યું હતું કે, ભારત કોઈપણ દેશ પાસેથી તેલ ખરીદવા માટે સ્વતંત્ર છે અને તેના ક્રૂડ સપ્લાયર્સમાં વિવિધતા લાવવાના તેના નિર્ણયમાં કંઈ નવું નથી.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે એક પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું કે, ''અમે અન્ય તમામ આંતરરાષ્ટ્રીય ઊર્જા નિષ્ણાતોની સાથે, સારી રીતે જાણીએ છીએ કે રશિયા ભારતને તેલ અને પેટ્રોલિયમ પેદાશોનું એકમાત્ર સપ્લાયર નથી. ભારત હંમેશાં આ ઉત્પાદનો અન્ય દેશો પાસેથી ખરીદતું આવ્યું છે. તેથી અમે અહીં કંઈ નવું જોતા નથી.''

પેસ્કોવને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તે દાવા વિશે પૂછવામાં આવ્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને યુનાઈટેડ સ્ટેટ્સ અને સંભવિત રીતે વેનેઝુએલા પાસેથી ક્રૂડ ખરીદવા માટે સંમત થયા છે.

ભાજપના ખેમચંદ સિંહે મણિપુરના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

ઈમ્ફાલ, તા. 4 (PTI): ભાજપના નેતા વાય ખેમચંદ સિંહએ બુધવારે મણિપુરના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ 62 વર્ષીય ધારાસભ્યને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કુકી સમુદાયના ભાજપના ધારાસભ્ય નેમચા કિપજેન અને નાગા પીપલ્સ ફ્રન્ટના ધારાસભ્ય એલ દીખોએ મણિપુરના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ભાજપના ગોવિંદદાસ કોન્થૌજમ અને એનપીપીના કે લોકેન સિંહે પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. કિપજેને નવી દિલ્હીમાં મણિપુર ભવનથી વર્ચ્યુઅલી શપથ લીધા હતા.

અમેરિકન ફળો અને શાકભાજી પર હવે શૂન્ય ટેરિફ લાગશે : ગ્રીર

અમેરિકા ભારત સામે 18 ટકા ટેરિફ જાળવી રાખશે કારણ કે ભારત સાથે તેમની મોટી વેપાર ખાધ છે

ભારતે કેમિકલ્સ, મેડિકલ ડિવાઇસ અને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાની સંમતિ આપી

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 3 (પીટીઆઈ): અમેરિકા અને ભારત વચ્ચે થયેલા ઐતિહાસિક વેપાર કરારની વધુ વિગતો આપતા યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર) જેમીસન ગ્રીરે મંગળવારે જણાવ્યું હતું કે, આ સમજૂતી હેઠળ ભારત અમેરિકાના ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદનો પરના ટેરિફ ઘટાડીને 'શૂન્ય' ટકા કરશે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે વોશિંગ્ટન ડીસીમાં મળેલી બેઠક દરમિયાન આ કરારને આવકાર્યો હતો.

ગ્રીરે આ કરારને અમેરિકા માટે 'મોટી જીત' ગણાવતા કહ્યું કે, ફળો, શાકભાજી, ડ્રાયફ્રૂટ્સ, વાઈન અને સ્પિરિટ્સ જેવી વસ્તુઓ હવે ભારતીય બજારમાં કોઈપણ ડ્યુટી વગર વેચાશે. હાલમાં ઔદ્યોગિક માલસામાન પર ભારતનો સરેરાશ ટેરિફ 13.5 ટકા છે, જે હવે 98-99 ટકા વસ્તુઓ માટે શૂન્ય થઈ જશે. જોકે તેમણે એ વાતની પણ નોંધ લીધી છે કે ભારત ચોક્કસ મુખ્ય ક્ષેત્રો પર પોતાનું નિયંત્રણ જાળવી રાખશે કે જેને (સ્થાનિક હિતોના રક્ષણ માટે) રક્ષણ મળેલું છે.

ગ્રીરે સ્પષ્ટ કર્યું કે અમેરિકા ભારત સામે 18 ટકા ટેરિફ જાળવી રાખશે કારણ કે ભારત સાથે તેમની મોટી વેપાર ખાધ છે. જોકે, ભારતે કેમિકલ્સ, મેડિકલ ડિવાઈસ અને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાની સંમતિ આપી છે. આ સિવાય, બંને દેશો વચ્ચે 'નોન-ટેરિફ બેરિયર્સ' એટલે કે તકનીકી અવરોધો દૂર કરવા પર પણ સંમતિ સધાઈ છે, જેનાથી અમેરિકાના ઉચ્ચ ધોરણોવાળા માલસામાન માટે 140 કરોડની વસ્તી ધરાવતું ભારતનું વિશાળ બજાર ખુલી જશે.

રશિયન તેલ અંગે ગ્રીરે નોંધ્યું કે, ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી ધીમે ધીમે બંધ કરવાનું શરૂ કરી દીધું છે અને હવે તે અમેરિકા પાસેથી તેલ, ગેસ અને પ્રોપેન જેવી ઉર્જાની ખરીદી વધારી રહ્યું છે.

અમેરિકાના કૃષિ મંત્રી બ્રુક રોલિન્સે પણ આ સોદાને આવકારતા કહ્યું કે, આનાથી અમેરિકન ખેડૂતોને મોટો ફાયદો થશે અને ભારત સાથેની કૃષિ વેપાર ખાધમાં ઘટાડો થશે. આ વેપાર કરારને આવકાર્યો હતો.

ખાદ્ય, કૃષિ અને ડેરી ક્ષેત્રના હિતો સુરક્ષિત: પીયુષ ગોયલ

વિપક્ષના હોબાળા વચ્ચે ગોયલે સંસદના બંને ગૃહોમાં વેપાર કરાર પર નિવેદન આપ્યું

ઊર્જા સુરક્ષા અને એમએસએમઈ માટે નવી તકો ખુલશે

નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ): કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બુધવારે સંસદના બંને ગૃહોમાં ભારત-અમેરિકા વેપાર કરાર અંગે મહત્વનું નિવેદન આપતા ખાતરી આપી હતી કે, આ સમજૂતીમાં ભારતની ખાદ્ય સુરક્ષા અને કૃષિ ક્ષેત્રની સંવેદનશીલતાઓને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવામાં આવી છે.

વિરોધ પક્ષના સાંસદોના હોબાળા વચ્ચે ગોયલે જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક કરારથી અમેરિકી બજારમાં ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મકતા વધશે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય નિકાસ પર ટેરિફનો દર ઘટાડીને 18 ટકા કરવાની જાહેરાત કરી છે, જે અન્ય હરીફ દેશો પર લાદવામાં આવેલા ટેરિફ કરતા ઓછો છે. આ ઘટાડો ખાસ કરીને શ્રમ-સઘન ક્ષેત્રો અને મેન્યુફેક્ચરિંગ યુનિટ્સને મોટો ફાયદો કરાવશે.

ગોયલે સ્પષ્ટ કર્યું હતું કે, ફેબ્રુઆરી 2025માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત બાદ બંને દેશો વચ્ચે સંતુલિત અને પરસ્પર ફાયદાકારક વેપાર કરાર માટે સઘન ચર્ચાઓ ચાલી રહી હતી. આ ભાગીદારીથી એમએસએમઈ, ઉદ્યોગસાહસિકો અને કુશળ કામદારો માટે નવી તકો ખુલશે, જે ભારતની 'મેક ઈન ઈન્ડિયા' અને 'ઈનોવેટ ઈન્ડિયા' જેવી વિઝનરી યોજનાઓને બળ આપશે. ઊર્જા સુરક્ષા અંગેના પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું કે, 140 કરોડ ભારતીયોની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આંતરરાષ્ટ્રીય ગતિશીલતા મુજબ ઊર્જાના સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવું એ અમારી રણનીતિનો મુખ્ય ભાગ છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારત અને અમેરિકા વિશ્વની બે મોટી લોકશાહીઓ તરીકે કુદરતી ભાગીદાર છે. આ કરાર 'વિકસિત ભારત 2047' અને 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યોને સાકાર કરવામાં મહત્વનું કદમ સાબિત થશે. જોકે, રાજ્યસભામાં જ્યારે વિપક્ષી સભ્યોએ સ્પષ્ટતા માગી ત્યારે તેમને પરવાનગી આપવામાં આવી નહોતી.

જેપી નડ્ડાએ વિપક્ષની ટીકા કરતા કહ્યું કે, સરકાર તમામ બાબતો પર ચર્ચા કરવા તૈયાર છે, પરંતુ વિપક્ષ માત્ર હોબાળો કરી રહ્યો છે. આગામી દિવસોમાં ટેકનિકલ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ કરારની વિગતવાર રૂપરેખા જાહેર કરવામાં આવશે.

અનુસંધાન ... પાના પહેલાનું

શું છે આ...

આગળ વધતા પ્લેયરને પોતાનો પ્રેમ સાબિત કરવા માટે 'ટાસ્ક' આપવામાં આવે છે. શરૂઆતમાં આ ટાસ્ક સાધારણ હોય છે (જેમ કે મોડી રાત સુધી જાગવું), પરંતુ ધીમે-ધીમે તે જીવલેણ બની જાય છે (જેમ કે પોતાને નુકસાન પહોંચાડવું). જો કોઈ પ્લેયર ટાસ્ક પૂરો ન કરે, તો તેને ભાવનાત્મક રીતે બ્લેકમેઈલ કરવામાં આવે છે કે તેનો વર્ચ્યુઅલ પાર્ટનર તેને છોડી દેશે અથવા પોતાનો જીવ આપી દેશે.

મમતા બેનર્જી...

શરૂઆતમાં તેમના વતી વરિષ્ઠ વકીલ શ્યામ દિવાને દલીલો રજૂ કરી હતી, પરંતુ ત્યારબાદ મમતા બેનર્જીએ પોતે દલીલો રજૂ કરવાની પરવાનગી માગી હતી, જે બેન્ચે મંજૂર રાખી હતી.

ગાઝિયાબાદમાં કરુણાંતિકા...

ઉત્તર પ્રદેશના ડીજીપી રાજીવ કૃષ્ણાએ આ કેસની ઊંડાણપૂર્વક તપાસના આદેશ આપ્યા છે. આ ઘટના 2017ના 'બ્લુ વ્હેલ ચેલેન્જ'ની યાદ અપાવે છે, જે કિશોરોને જોખમી ટાસ્ક પૂરા કરવા મજબૂર કરતી હતી. રાજ્ય પોલીસ વડાએ સાયબર જાગૃતિની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે, પોલીસ વિભાગ દ્વારા નિયમિતપણે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે ઓનલાઈન વ્યસન સંબંધિત સમસ્યાઓ માટે લોકો સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શકે છે.

જાપાનમાં હિમવર્ષાનો...

સુધી પહોંચવા મજબૂર બન્યો છે. આ વિસ્તારમાં 1700થી વધુ ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો છે અને બુલેટ ટ્રેન સહિતની મોટાભાગની રેલવે સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. આમોરીમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. આગામી સપ્તાહના અંતમાં ઉત્તર જાપાનમાં વધુ ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.

ટ્રમ્પનો માસ્ટરપ્લાન...

પરંતુ ચીન દ્વારા બજારમાં સસ્તા ભાવે માલ ઠાલવીને હરીફોને તોડવાની નીતિ સામે રક્ષણ મેળવવાનો પણ છે. બોઈંગ અને જીઈ વર્નોવા જેવી મોટી કંપનીઓ આ અનામત ભંડારનો લાભ લેશે. જોકે, નિષ્ણાતો માને છે કે ઈલેક્ટ્રિક વાહનો અને વિન્ડ ટર્બાઈન જેવા ક્ષેત્રોમાં પ્રોત્સાહન ઘટાડવાના ટ્રમ્પના અગાઉના નિર્ણયો આ ખનિજોની માગ પર અસર કરી શકે છે. તેમ છતાં, ચીન પરની નિર્ભરતા ઘટાડવાના આ પગલાને અમેરિકામાં બંને પક્ષો (રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ)નું સમર્થન મળી રહ્યું છે. જાપાનના વિદેશ મંત્રી ઈવાઓ હોરીએ આ અમેરિકી પહેલને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે.

વડા પ્રધાનના...

હતી કે જ્યારે વિપક્ષના નેતાને પુસ્તક ટાંકવાની મનાઈ છે, તો દુબેને આવી છૂટ કેમ મળી. સાંજે 5 વાગ્યે જ્યારે વડા પ્રધાન જવાબ આપે તેવી શક્યતા હતી, ત્યારે કોંગ્રેસના સાંસદ વર્ષા ગાયકવાડના નેતૃત્વમાં મહિલા સાંસદોએ વડા પ્રધાનની ખુરશી તરફ ફ્રૂ કરી દુબેને સસ્પેન્ડ કરવાની માગ કરી હતી. ગૃહમાં ભારે હોબાળો અને અરાજકતા વધતા ભાજપના સાંસદ સંધ્યા રાય જે અધ્યક્ષની ખુરશી પર હતાં તેમણે દિવસભર માટે કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. આ આખા દિવસમાં કુલ ચાર વખત કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી, જે દર્શાવે છે કે વિપક્ષ અને સરકાર વચ્ચે તીવ્ર સંઘર્ષની સ્થિતિ છે. લોકસભામાં ભારે હોબાળાને કારણે કાર્યવાહી સ્થગિત થતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ગુરુવારે રાજ્યસભામાં 'રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ'નો જવાબ આપે તેવી શક્યતા છે. રાજ્યસભામાં અત્યાર સુધી કોઈ પણ અવરોધ વિના ચર્ચા પૂર્ણ થઈ છે. ગૃહની બહાર પણ ભારે નાટક જોવા મળ્યું હતું. રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુને 'ગદ્દાર મિત્ર' કહીને ટોણો માર્યો હતો, જેના જવાબમાં બિટ્ટુએ ગાંધીને 'દેશના દુશ્મન' ગણાવ્યા હતા. બાદમાં ભાજપે આ મુદ્દે કોંગ્રેસ પર શીખ સમુદાયનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટે કુલ 18 કલાક ફાળવવામાં આવ્યા હતા, પરંતુ વિપક્ષના સતત વિરોધ અને વોકઆઉટને કારણે બુધવાર સુધીમાં માત્ર 2 કલાક અને 44 મિનિટ જ ચર્ચા થઈ શકી છે.

સુપ્રીમ કોર્ટમાં...

'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) પ્રક્રિયા સામે વાંધો ઉઠાવતા તેમણે આક્ષેપ કર્યો હતો કે બંગાળને 'નિશાન' બનાવવામાં આવી રહ્યું છે અને ત્યાંના લોકો પર 'બુલડોઝર' ફેરવવામાં આવી રહ્યું છે. સફેદ સાડી અને કાળા સ્કાફમાં સજ્જ મમતા બેનર્જીએ કોર્ટમાં પોતાને 'બંધુઆ મજૂર' ગણાવીને લોકશાહી બચાવવા અપીલ કરી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ મમતા બેનર્જીએ ચૂંટણી પંચને 'વોટ્સએપ કમિશન' તરીકે સંબોધ્યું હતું. તેમણે દલીલ કરી હતી કે 1.36 કરોડ લોકોને 'લોજિકલ ડિસ્ક્રિપ્ન્સી'ના નામે નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં જીવતા લોકોને મૃત જાહેર કરવા અને પરણિત મહિલાઓના નામમાં સામાન્ય ફેરફાર જેવા મુદ્દાઓ સામેલ છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે જે પ્રક્રિયા માટે સામાન્ય રીતે બે વર્ષ લાગે છે, તે ચૂંટણી પૂર્વે માત્ર ત્રણ મહિનામાં પૂર્ણ કરવાની ઉતાવળ કેમ કરવામાં આવી રહી છે? તેમણે આધાર કાર્ડને ઓળખના પુરાવા તરીકે સ્વીકારવાની પણ માગ કરી હતી. સુપ્રીમ કોર્ટે મમતા બેનર્જીની રજૂઆત સાંભળીને ચૂંટણી પંચને આદેશ આપ્યો હતો કે સાચા મતદારોના નામ યાદીમાંથી કમી ન થવા જોઈએ. ચીફ જસ્ટિસએ સ્પેલિંગની સામાન્ય ભૂલો જેવી બાબતોમાં અધિકારીઓને વધુ સંવેદનશીલ બનવા સૂચના આપી છે. કોર્ટે આ મામલે ચૂંટણી પંચ અને પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને નોટિસ પાઠવી 9 ફેબ્રુઆરી સુધીમાં જવાબ માગ્યો છે. આ કેસની આગામી સુનાવણી પણ 9 ફેબ્રુઆરીએ જ થશે, જેમાં મમતા બેનર્જી ફરી હાજર રહે તેવી શક્યતા છે.

દિલ્હી ડાયરી...

પણ આવી નોટિસો મળી છે? તે આશ્ચર્યજનક છે કે ચૂંટણી પંચે, ઉતાવળમાં એસઆઈઆર ઓપરેશન હાથ ધરવાના ઉત્સાહમાં ભારતની વિશિષ્ટ સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતાઓ સાથે જોડાયેલા વિવિધ મહત્ત્વપૂર્ણ પરિબળો પર ધ્યાન ન આપ્યું. આ બાબતે તાત્કાલિક સુધારો થવો જોઈએ.

શશિ થરૂરનું પુસ્તક લેખન પર વિરામ

એવા સમયે જ્યારે વિરોધ પક્ષના નેતાઓ પુસ્તકો લખવામાં વ્યસ્ત છે, કોંગ્રેસ પક્ષના સૌથી પ્રભાવશાળી અને લોકપ્રિય રાજકારણી તથા લેખક શશિ થરૂરે તાજેતરમાં કહ્યું હતું કે, તેઓ આ વર્ષના અંતમાં યોજાનારી કેરળ વિધાનસભાની ચૂંટણી સુધી કોઈ નવા પુસ્તકની યોજના બનાવી રહ્યા નથી. તેમણે કોલકાતામાં આયોજિત 'એપીજે લિટરરી ફેસ્ટિવલ'માં આ ટિપ્પણી કરી હતી. પ્રસંગ તેમના તાજેતરના પુસ્તક, 'ધ સેજ હૂ રીઈમેજિન્ડ હિંદુઈઝમ: ધ લાઈફ, લેસન્સ એન્ડ લેગસી ઓફ નારાયણ ગુરુ'ના વિમોચનનો હતો.

શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે

હું દેવદાસ શાંતિલાલ ડાકોરીયા, મારા પ્રિકોલ લીમીટેડના અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયેલા છે. જેનો જુનો ફોલીયો નં.૧૧૫૨, નવો ફોલીયો નં. ૩૩૮ છે. જેનો સર્ટીફીકેટ નં.૧૨૬૭ તથા ૨૮૧૭ છે અને જેનો શેર સર્ટીફીકેટ નં.૧૫૪૪૮ છે. જેનો ડીસ્ટીંકટીવ નં.૩૬૭૯૦૧ થી ૩૬૮૦૦૦ તથા ૬૦૭૧૪૦૯૪ થી ૬૦૭૧૪૮૪૦ છે. આ તમામ અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયેલ છે. જો કોઈને મળેલ હોય તો નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે. યોગ્ય વળતર આપીશું.

મો.નં: ૯૮૨૫૧૧૪૩૯૧, ૯૮૨૫૧૫૮૧૦૭

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠ્ઠગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. ● ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

ડિમાન્ડ નોટીસ

૧) **શ્રી સંજય વંશી (કરજદાર) અને શ્રીમતી સીતા સંજય (સહ-કરજદાર)** — **તા. ૩૦.૧૦.૨૦૨૫**

બધાનું સરનામું ૧) : ૧૨૮૭, કાલી માતા મંદિરની ગલી પાસે, વિષ્ણુ નગર, પાલી ગામ, સચીન, સુરત-૩૯૪૨૩૦.

બધાનું સરનામું ૨) : પ્લોટ નં. ૭૦, આર્યા રેસીડેન્સી, ગામ-કારેલી, તાલુકા-પલસાણા, જિ. સુરત-૩૯૪૩૧૦.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ

૧. અમે તમારી વિનંતી અનુસાર લુન રકમ **રૂા. ૧૫,૦૦,૦૦૦/- (રૂા. પંદર લાખ પુરા)** ની કેડીટની મર્યાદા સ્કીમ દ્વારા આપીએ છીએ. અને અમે અમારી **ગંગાધરા શાખા, સુરત** દ્વારા વિવિધ કેડીટની સુવિધાઓ આપેલ છે. જેની સંપૂર્ણ વિગતો નીચે પ્રમાણે છે. તમારી એવાર્ડ લોનની રકમ શરતો મુજબ પાસ થયેલ.

૨. આપને જાણ કરવામાં આવે છે કે કુલ રકમ **રૂા. ૧૫,૪૦,૬૯૧/- (રૂા. સોળ લાખ ચાલીસ હજાર છસો એકાણું પુરા) તા.૩૦.૧૦.૨૦૨૫** થી ચડત વ્યાજ પર માસિક વ્યાજસાથે વસૂલીના તારીખ સુધી. આપને જાણ કરવામાં આવે છે કે રકમ **રૂા. ૧૫,૪૦,૬૯૧/- (રૂા. સોળ લાખ ચાલીસ હજાર છસો એકાણું પુરા)** વધુ વ્યાજ સાથે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું કે પેનલ વ્યાજનું મુડીકરણ કરવામાં આવ્યું નથી અને એન.પી.એ.ની તારીખ પછી જમા કરાવેલી રકમ વ્યાજ જોડીને ગણતરી કરી ચુકવવા પાત્ર રહેશે.

૩. અમે તમને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી બેંક / દિશાઓ અથવા દિશાનિર્દેશો માર્ગદર્શિકા / વાયોલેનશના નિયમો અને શરતો અનુસાર લોન **નોન પર્ફોમિંગ એસેટ્ તા. ૧૮.૧૦.૨૦૨૫** તરીકે લેણાની વર્ગીકૃત કરી છે. આપને બેંકના નાણાં ભરપાઈ કરવા વારેવાર ડીમાન્ડ નોટીસ દ્વારા અને મૌખિક વિનંતિઓ દ્વારા જાણ કરવામાં આવેલ છે, છતાં આજદિન સુધી આપે રકમ પરત કરેલ નથી.

૪. કરજદાર/જામીનદારને ઉપર જણાવેલ નામ વાળા વ્યક્તિએ રકમ ચુકવવામાં કસુરવાર થતી રકમ **રૂા. ૧૫,૪૦,૬૯૧/- (રૂા. સોળ લાખ ચાલીસ હજાર છસો એકાણું પુરા)** તા. ૩૦.૧૦.૨૦૨૫ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ સાથે, રકમની ચુકવણી માટે ફરી વખત દરખાસ્ત કરી માંગ હોવા છતા. સરફેસી એક્ટ કલમ ૧૩ (૨) હેઠળ તેઓ માંગણીની રકમ **રૂા. ૧૫,૪૦,૬૯૧/- (રૂા. સોળ લાખ ચાલીસ હજાર છસો એકાણું પુરા)** તા. ૩૦.૧૦.૨૦૨૫ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા.

૫. આપને ખબર છે કે ઉપરોક્ત લીમીટ જે આપને આપેલ છે તે નીચે પ્રમાણે મુકરર અસ્ક્યામતોથી /જામીનગીરી થી સુરક્ષિત છે.

અનુસુચિ-એ : મંજૂર અને ઉપલબ્ધ નાંણાકીય સુવિધાઓની વિગતો અને બાકી રકમની વિગતો

અ.ન.		
૧.	મંજૂર અને ઉપલબ્ધ નાંણાકીય સુવિધાઓનો પ્રકાર	હાઉસિંગ લોન A/c. No. 5346475624
૨.	મંજૂર કરાયેલ નાંણાકીય સુવિધાઓની રકમ	રૂા. ૧૫,૦૦,૦૦૦.૦૦
૩.	નોટીસની તારીખે બાકી રહેલ ખાતાવહી બેલેન્સની કુલ રકમ	રૂા. ૧૫,૦૯,૩૬૪/-
૪.	ખાતાવહીમાં વ્યાજ વસૂલવાની રકમ	૩૧.૦૭.૨૦૨૫
૫.	ખાતાવહીમાં છેલ્લે વ્યાજ વસૂલવામાં આવ્યુ હતું તે તારીખ ૩૧.૦૭.૨૦૨૫ થી નોટિસની તારીખ સુધી, દંડ વ્યાજ સિવાય વ્યાજની રકમ, જો કોઈ હોય તો.	રૂા. ૩૧,૩૨૭.૦૦
૬.	કોલમ (૬)માં ગણતરી કરેલ રકમ ચડત વ્યાજના સમયગાળા સાથે વ્યાજ દર	૭.૯૫% વાર્ષિક
૭.	નોટીસની તારીખ સુધી, દંડ વ્યાજ છેલ્લે વસૂલવામાં આવ્યું હતું તે તારીખ થી ચડત વ્યાજ વિના વસૂલવામાં આવેલ દંડ વ્યાજની રકમ	
૮.	કાયદા/મંજૂરીની શરતો અનુસાર આકસ્મિક ખર્ચ, ચાર્જ અને ખર્ચ, જો કોઈ હોય તો	
૯.	નોટીસની તારીખ સુધી કુલ બાકી રકમ	રૂા. ૧૫,૪૦,૬૯૧.૦૦

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રી સંજય વંશી અને શ્રીમતી સીતા સંજયની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૭૦, ક્ષેત્રફળ ૭૨.૦૦ સ્કે. ચાર્ડ, કેજેપી મુજબ બ્લોક નં. ૮૨/૭૦, ક્ષેત્રફળ ૬૦.૨૮ સ્કે.મીટર સાથે અવ